# આધ્યપિતા અબ્રાહામ

## ફાધર વર્ગીસ પોલ

‘રૂટસ’ (ઉત્પત્તિસ્થાનો) જાણીતા નવલકથાકાર અલેક્સ હે ઈલીની એક ખૂબ જ પ્રસિદ્ધ નવલકથા છે. રૂટસ 1978 માં અમેરિકાની એક ટેલિવિઝન શૃંખલામાં દર્શાવાઈ ત્યારે ટેલિવિઝનના તે વખત સુધીના ઈતિહાસમાં તે ટેલિફિલ્મને સૌથી વધારે લોકોએ માણી હતી. રૂટસ ની કથાવસ્તુમાં અમેરિકાની હબસી પ્રજાનું ઉત્પત્તિસ્થાન અને વિશેષ તો લેખકના પોતાના વંશના બાપદાદાઓનું મૂળ આફ્રિકાનાં જંગલોમાં શોધી કાઢવાનો સફળ પ્રયત્ન છે.

ઈતિહાસ પુરવાર કરે છે કે લગભગ વધી પ્રજાઓના માણસોમાં પોતાના કુળનું ઉત્પત્તિસ્થઆન જાણવાની ઇંતેજારી હોય છે અને લોકો પોતાના વંશના પૂર્વજો બાબતે ગર્વ લે છે. પોતાની વંશાવલીમાં વિશેષ ગર્વ લેનાર એક પ્રજા છે યહૂદી પ્રજા, બાઈબલના નવા કરારનું પ્રથમ વાક્ય જ એનો પુરાવો છે. નવા કરારની શરૂઆતમાં વંશાવલીની વાતથી જ સંત માથ્થી પોતાના શુભસંદેશનો આરંભ કરે છે. “અબ્રાહામ વંશજ દાવિદના વંશજ ઈસુ ખ્રિસ્તની વંશાવલી.”

આજે માત્ર યહૂદી પ્રજા જ નહિ પણ મુસ્લિમ લોકો તેમજ સમગ્ર ખ્રિસ્તી આલમ પણ અબ્રાહામને પોતાના, એટલે કે ભગવાન પર શ્રદ્ધા ધરાવનાર સૌ લોકોના, આધ્યપિતા ગણે છે. સંત પોલે અબ્રાહામને ખૂબ કપરાં સંજોગોમાં ભગવાન પર અટલ ભરોસો રાખનાર અને ભગવાનના આદેશ મુજબ ચાલનાર આદિ પુરુષ અને ભગવાનના પરમ ભક્ત તરીકે ચીતર્યા છે.

બાઈબલના જૂના કરારમાં આલેખાયેલો મુક્તિનો ઈતિહાસ અબાહામથી શરૂ થાય છે અને અબાહામ જ એમાં મુખ્યપાત્ર છે. યહૂદી લોકો અબાહામને હિબ્રુ રાષ્ટ્રના સ્થાપક પિતા ગણે છે. કારણ, અબાહામથી ઇસ્રાયલી પ્રજાનો ઇતિહાસ આરંભાય છે. ખ્રિસ્તીઓ તથા મુસલમાનોની પંરપરામાં પણ અબાહામને આધ્યપિતાનું ગર્વભર્યું સ્થાન મળે છે.

અબ્રાહામની કથા બાઈબલના 'ઉત્પત્તિ ' ગ્રંથના 11 માં અધ્યાયથી શરૂ થાય છે અન 25માં અધ્યાય સુધી ચાલે છે. ઉત્પત્તિ ગ્રંથ જણાવે છે તેમ અબ્રાહામ મૂળ બાબિલ દેશમાં આવેલા ઊરના વતની છે. આજે એ પ્રદેશ ઇરાક નામે ઓળખાય છે. એ પ્રદેશમાં તિગ્રીસ અને ફ્રાત કે યુફ્રેટસ નામે બે મોટી નદીઓ વહે છે. પેરશિયાના અખાતની નજીક યુફ્રેટ્રસ નદીની ખીણમાં આવેલા ઊરમાંથી અબ્રાહામના પિતા તેરા પોતાના પુત્ર અબ્રાહામ, પુત્રવધૂ સારાઈ અને અબ્રાહામના ભાઈના દીકરા લોતને લઈને કાનાન દેશમાં જવા ઊપડયા. પછી હારાન પહોંચાતા તેઓ ત્યાં ઠરીઠામ થયાં. તેરા બસો ને પાંચ વર્ષે હારાનમાં મરણ પામ્યો.

હારાનમાં અબ્રાહામને પ્રભુએ તેના પિતાનું ઘરગામ છોડીને જ્યાં પોતે આદેશ કરે તે દેશમાં જવા હાકલ કરી ને આશીર્વાદ આપ્યા. પ્રભુએ અબ્રાહામને કહ્યું. "તું તારી જન્મભુમિ, તારાં સગાંવહાલાં અને તારા બાપનું ઘર છોડીને હું બતાવું તે પ્રદેશમાં ચાલ્યો જા. હું તારામાંથી એક મહાન પ્રજા ઉત્પન્ન કરીશે. તને આશીર્વાદ આપીશ અને તારા નામનો મહિમા કરીશ. તું આશીર્વાદરૂપ થઈ પડશે. તને જેઓ આશીર્વાદ દે તેમને હું આશીર્વાદ દઈશ. અને તને જેઓ શાપ દે તેમને હું શાપ દઈશ. અને તારા કારણે ધતી ઉપરની બધી પ્રજાઓ આશીર્વાદ પામશે."

ઈશ્વરના આદેશ મુદબ હારાનમાં ઠરીઠામ થયેલા પંચોતેર વર્ષના અબ્રાહામે બધી સુખસાહ્યબી છોડી દઈને પત્ની સારાઈ ને ભત્રીજા લોત તથા પોતાની માલમતા ને નોકરો સહિત કાનાન દેશની વાટ પકડી.

દરમિયાન, કાનાન દેશમાં દુકાળ પડયો અને અબ્રાહામ તથા સાથેના લોકો મજલ કરતા કરતા થોડા સમય માટે મિસર રહેવા ગયા. અબ્રાહામની પત્ની સારાઈ ખૂબ રૂપાળી હતી. એટલે અબ્રાહામને લાગ્યું કે પોતાની રૂપાળી પત્નીને મેળવવા માટે મિસરવાસીઓ એને મારી નાખશે. તેથી તેણે સારાઈને કહ્યું કે તું મારી બહેન છે એમ કહેજે કે જેથી લોકો તારે કારણે મારી સાથે સારો વ્યવહાર રાખે. અબ્રાહામ મિસર પહોંચ્યા ત્યારે એવું  જ બન્યું. મિસરના ફારુનના અમલદારોએ ફારુનને રૂપાળી સારાઈની વાત કરી અને તેને ફારુનના ઘરમાં લઈ જવામાં આવી. તે સ્ત્રીને કારણે ફારુને અબ્રાહામ સાથે સારો વ્યવહાર રાખ્યો અને એને પુષ્કળ ભેટો આપી.

પણ બાઈબલ નોંધે છે તેમ, અબ્રાહામની વહુ સારાઈને કારણે પ્રભુએ રાજા ઇને કુટુંબ ઉપર મોટી મોટી આફતો ઉતારી, એટલે ફારુને અબ્રાહામને બોલાવીને સારાઈને પરત સોંપી અને પોતાના અમલદારોને આજ્ઞા કર્યા મુજબ તેઓએ આબ્રાહામ અને તેની વહુને તેમની માલમતા સાથે મિસરમાંથી રવાની કરી દીધા. લોત પણ અબ્રાહામ સાથે ગયો.

અબ્રાહામ અને લોત પાસે ખૂબ ઢોરઢાંખરા, ઘેટાંબકરાં અને તંબુઓ હતાં. તેમની પાસે પશુધન એટલું બધું હતું કે બંને ભેગાં ન રહી શકે. એટલે અબ્રાહામના ગોવાળો અને લોતના ગોવાળો વચ્ચે તકરારો ચાલતી. પરિણામે અરસપરસ સમજૂતી કરીને અબ્રાહામ અને લોત જુદા પડયા. અબ્રાહામ કનાનના પ્રદેશમાં રહ્યો અને લોત યર્દન કાંઠાનાં શહેરોમાં વસવા લાગ્યો. પછી ઈશ્વરના પ્રેર્યા અબ્રાહામ હેબ્રોનમાં આવેલા મમરેના પવિત્ર વૃશ્ર પાસે તંબુ નાખીને રહેવા લાગ્યા.

એ અરસામાં દુશ્મ રાજાઓએ સદોમમાં રહેતા લોત પર હુમલો કરીને તેની બધી માલમિલકત લૂંટી દઈને તેને બંદી બનાવ્યો. ત્યાંથી ભાગી આવેલા એક માણસે અબ્રાહામને લોતની હાલતના ખબર આપ્યા. અબ્રાહામે તરત જ પોતાના પરિવારના નીવડેલા ત્રણસો ને અઢાર માણસોને લઈને લોતને પકડી જનાર દુશ્મન રાજાઓનો પીછો કર્યો અને લોતને તથા તેમની માલમતા, સ્ત્રીઓ તેમજ બાકીના લોકોને પણ પાછા લઈ આવ્યાં.

એક દિવસ અબ્રાહામે પોતાના વાંઝિયાપણા વિશે પ્રભુ પરમેશ્વરને ફરિયાદ કરી. ત્યારે અબ્રાહામને પ્રભુની વાણી સંભળાઈઃ "આકાશ તરફ જો અને તારાથી ગણાતા હોય તો તારાઓને ગણ. એટલાં તારાં સંતાન થશે." પછી તરત જ બાઈબલ નોંધે છે. "અબ્રાહામે પ્રભુ ઉપર વિશ્વાસ મૂક્યો અને પ્રભુએ એને તેના પુણ્ય તરીકે લીધું."

અબ્રાહામની પત્ની સારાઈને કંઈ બાળક નહોતું. તેને હાગાર નામે એક મિસરી દાસી હતી. સારાઈ અબ્રાહામને કહ્યું. "જો પ્રભુએ તો મને વાંઝણી રાખી છે એટલે તું મારી દાસીનો સમાગમ કર. કદાચ તેનાથી હું છોકરાંવાળી થાઉં." બાદમાં એબ્રાહામે હાગારનો સંગ કર્યો ને તેને ગર્ભ રહ્યો. પછી હાગારે અબ્રાહામથી એક પુત્રને જન્મ અપ્યો. અબ્રાહામે એનું નામ ઇશ્માએલ પાડયું.

એક દિવસ દર્શન દઈને પ્રભુએ અબાહ્રામને કહ્યું કે, "હું તારી વહુ સારા ને આશીર્વાદ આપીશ અને વધારામાં હું તને એનાથી એક પુત્ર આપીશ અને એ પ્રજાઓની માતા બનશે."

સો વરસના થયેલા અબાહ્રામને નેવું વરસની થયેલી સારાથી પુત્ર અવતરશે એવી કોઈ આશા રહી નહોતી. એટલે તેણે ઈશ્વરને કહ્યું. "ઈશ્માએલ તારી કૃપાથી જીવતો રહે એટલે થયું."

ઈશ્વરે અબાહ્રામને કહ્યું, "ના, તારી વહુ સારાને તારાથી એક પુત્ર જરૂર અવતરશે અને તારે તેનું નામ ઇસહ્રાર પાડવું. હું તેની સાથે મારો કરાર કરીશ અને તે તેના વંશજો માટે પણ કાયમનો કરાર રહેશે. ઈશ્માએલને વિશે તો મેં તારી વાત સાંભળી લીધી છે. જો, હું તેને આશીર્વાદ આપીશ અને તેને સંતતિ આપીશ અને તેનો વંશવેલો ખૂબ ખૂબ વધારીશ. તે બાર સરદારનો પિતા થશે અને હું તેનાથી એક મોટી પ્રજાનું નિર્માણ કરીશ,"

આજે મુસલમાનો કે ઈસ્લામિક પ્રજા પોતાને અબાહ્રામના વહુ સારાની મિસરી દાસી હ્રાગારથી અબાહ્રામને થયેલા પુત્ર ઈશ્માએલના વંશજો ગણે છે.

પછી પ્રભુએ અબ્રાહ્રામને દર્શન દઈને એની સાથે કરાર કર્યો. "હું સર્વશક્તિમાન ઈશ્વર છું મને માથે રાખી કોઈ પણ દોષમાં પડયા વગર ચાલય જો. હું તારી સાથે આ કરાર કરું છુઃ તું અનેક પ્રજાઓનો પિતા થઈશ. હવે તારું તનામ અબામ નહિ રહે. તારું નામ અબાહ્રામ રહેશે, કારણ મેં તને અનેક પ્રજાઓનો પિતા બનાવ્યો છે." વળી ઈશ્વરે અબાહ્રામને કહ્યું. "આ તારી વહુ સારાઈને તું સારાઈ કહીશ નહિ. પણ એનું નામ સારા રાખજે. હું એને આશીર્વાદ આપીશ અને વધારાનું હું તને એનાથી એક પુત્ર આપીશ."

સમય વહેકામાં પ્રભુના કહ્યા મુજબ સારાને ગર્ભ રહ્યો અને તેણે ઈશ્વરે કહેલા સમયે એક પુત્રને જન્મ આપ્યો. અબાહ્રામે પોતાને સારાથી થયેલા પુત્રનું નામ ઈસહ્રાક પાડયું અને ઈશ્વરે આજ્ઞા કરી હ્તી તે પ્રમાણે તેણે ઈસાહ્રાક આઠ દિવસનો થયો ત્યારે તેની સુન્નત કરાવી. પછી ઇસહ્રાક મોટો થતાં તેને ધાવણ છોડાવ્યું. તે દિવસે અબાહ્રામે મોટી મિજબાની આપી. પછી એક સવારે સારાના કહેવાથી અબાહ્રામે હ્રાગાર અને દીકરી ઈશ્માઈએલને રોટલા અને પાણીની મશક આપી ઘરમાંથી કાઢી મૂક્યાં. રણમાં ભટકતાં હ્રાગાર

અને ઈશ્માએલને દર્શન દઈને ઈશ્વરે કહ્યું. "હાગાર, ઊઠ, છોકરાને ઉપાડી લે. હું એનાથી એક મોટી પ્રજા ઉત્પન્ન કરવાનો છું."

પછી બાઈબલ નોંધે છે કે, ઈશ્વર ઓ છોકરાની સહાયમાં હતો અને તે મોટો થયો. તે પારાનના વગડામાં રહેતો અને તીર ચલાવવામાં પાવરધો થઈ ગયો. તેની માએ તેના માટે મિસરથી વહુ આણી. મુસ્લિમક લોકો પોતાને ઈશ્માએલના વંશજો ગણે છે.

આ તબક્કા પછી ઈશ્વરે અબાહામની કસોટી કરવા તેને કહ્યું, "અબાહામ!" ત્યારે અબાહામ બોલ્યો. "જી." ઇશ્વરે કહ્યું. "તારા દીકરાને, તારા એકના એક દીકરાને, જે તને વહાલો છે તે ઈસહાકને લઈને તું મોરિયો પ્રદેશમાં જા અને ત્યાં હું કહું તે ડુંગર ઉપર તેની આહુતિ આપ."

અબાહામે યજ્ઞ માટેનાં લાકડાં લઈને પોતાના પુત્ર ઈસહાક ઉપર ચડાવ્યાં અને તેણે પોતાના હાથમાં અગ્નિ અને છરો લીધાં. આમ, તેઓ બંને જણ સાથે ચાલવા લાગ્યા. ઈસહાકે પોતાના બાપ અબાહામને કહ્યું. "બાપુજી!"

અબાહામે કહ્યું. "શું છે, બેટા?"

ઈસહાક બોલ્યો, "જુઓ, અગ્નિ અને લાકડાં તો છે, પણ બલિ માટે બકરું ક્યાં છે?"

અબાહામે કહ્યું. "બેટા, બલિ માટેનું બકરું તો ઈશ્વર જાતે જ પૂરું પાડશે." આમ, તેઓ બંને આગળ ચાલ્યા.

જ્યારે ઈશ્વરે કહેલી જગ્યા પર અબાહામે વેદી ઉપર લાકડાં ગોઠવ્યાં અને ઈસહાકને બાંધીને વેદીનાં લાકડાં ઉપર ચઢાવી દીધો તથા પુત્રનો વધ કરવા માઠે છરો ઉપાડયો ત્યારે પ્રભુના દેવદૂતને તેને રોક્યો અને કહ્યું. "છોકરી ઉપર હાથ ઉગામીશ નહિ કે તેને કંઈ ઈજા કરીશ નહિ. તું તારા દીકરાને, તારા એકના એક દીકરાને, મને ધરાવતાં અચકાયો નથી એ જોઈને હવે મારી ખાતરી થઈ છે કે તું ઈશ્વરથી ડરે છે. અને અબાહામ જઈને તે ઘેટાને લઈ આવ્યવ્ય અને પોતાના પુત્રને બદલે બલિ તરીકે એ ઘેટાને ચડાવ્યો."

બાઈબલનો આ પ્રસંગ ખૂબ મહત્વના છે. અબ્રાહામના જમાનામાં ઈતર ધર્મના લોકોમાં પુત્ર પુત્રીઓની આહુતિ આપવાની પ્રથા ખૂબ પ્રચલિત હતી.અબ્રાહામ પોતાના પુત્રની આહુતિ આપવાને બદલે ઘેટાનો બલિ ચઢાવીને પુત્ર-પુત્રીઓની આહુતિ આપવાની ઈતર ધર્મના લોકોની પ્રથાને પ્રતીકાત્મક રીતે નકારે છે.

એકેશ્વરવાદમાં માનતા યહૂદી ધર્મ, ઈસ્લામ ધર્મ અને ખ્રિસ્તી ધર્મ અબ્રાહામને સૌના આધ્યપિતા ગણે છે. યહુદીઓને એક પ્રજા તરીકે સંગઠિત કરી ઈસાયલ ભૂમિ માટે હક્કદાવો કરાવનાર ધર્મિષ્ઠ માણસ છે અબ્રાહામ. મુસ્લિમ ભાઈ-બહેનો કુરનામાં અબ્રાહામને 'એલ ખલીલ' કે ઈશ્વરનો ખાસ મિત્ર કરીને માન આપે છે. બાઈબલના નવા કરારમાં અબ્રાહામ શ્રદ્ધાના આદર્શમાં આધ્યપિતા છે.